જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૯/૨૦૧૮ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**          **સમાચાર યાદી નં.૧૭૧૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭૬ કેસ કરી ૪૬૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૨૯,૯૬૨/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-**          **સમાચાર યાદી નં.૧૭૧૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-**          **સમાચાર યાદી નં.૧૭૧૩/૧૮**

**સરદારનગરઃ** ચુનિલાલ લગજીભાઇ તમચે (રહે,રાજધાનીની ચાલી, અંકુરનિવાસ છારાનગર કુબેરનગર સરદારનગર) એ તા.૦૩/૦૯/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૨/૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જયબાબા કેટરર્સના માલીક સાગરભાઇ ભેરૂભાઇ મેવાડા (રહે,હરદાસનગર શાકમાર્કેટ પાસે, બાપુનગર જનરલ હોસ્પિટલ પાસે બાપુનગર) એ ચુનિલાલ પાસેથી તેમની દિકરી અને દિકરાના લગ્ન પ્રસંગની રસોઇ બનાવવા સારૂ કુલ રૂપિયા ૮૩,૦૦૦/- મેળવી લઇ, રસોઇ નહિ બનાવી તેમજ નાંણા પરત નહિ આપી ચુનિલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**ઘરફોડઃ-**          **સમાચાર યાદી નં.૧૭૧૪/૧૮**

**ખોખરાઃ** ઇકબાલહુસેન મહમદઇસ્માઇલ શેખ (રહે,અહેમદી સોસાયટી, ઝુલતા મિનારા પાસે, રાજપુર ગોમતીપુર) એ તા.૦૩/૦૯/૧૮ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૯/૧૮ બપોરના ૧/૦૦ થી તા.૦૨/૦૯/૨૦૧૮ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન બુચીયા મહાદેવના મંદિર પાસે આવેલ પોતાની “શિફા મોબાઇલ” નામની દુકાન નું પતરૂ ખોલી પી.ઓ.પી.ની છત તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૮,૧૭૨/- અને રોકડ રૂપીયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૧૭૨/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ત્રિવેદી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૫/૧૮**

**નરોડાઃ** કુંતાબહેન મહજીભાઇ ઠાકોર (ઉ.વ.૨૮)(રહે,મહાદેવવાસ, ગામ-મુઠિયા નરોડા) તા.૦૩/૦૯/૧૮ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે નરોડા ગામ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે ચીજવસ્તુ ની ખરીદી કરતા હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ કુંતાબહેનની નજર ચુકવી તેમનું પર્સ કે જેમાં રોકડ રૂપીયા ૧૭,૦૦૦/- અને સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૭,૦૦૦/- મતા હતી તેમજ તેમની સાથે આવેલ નીરૂબહેનના પર્સમાંથી મોબાઇલ કિંમત રૂપિયા ૫,૦૦૦/-, પેન ડ્રાઇવ કિંમત રૂપિયા ૧૦૦/- તથા રોકડ રૂપિયા ૬,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની ફરીયાદ કુંતાબહેન ઠાકોરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**કાગડાપીઠઃ** દેવુબહેન વા/ઓ પ્રેમજીભાઇ ચૌહાણ (ઉ.વ.૪૯)(રહે,ભુસા સુલેમાનની ચાલી જૈન દેરાસરની બાજુમાં ગોમતીપુર) એ તા.૦૩/૦૯/૧૮ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૧૮ ના કલાક ૧૨/૧૦ વાગ્યાના સુમારે ઘટાકર્ણ માર્કેટ ખાતે આવેલ આઇ.સી.આઇ.સી.આઇ બેંક ખાતે પૈસા ગણતા હતા દરમ્યાન બે અજાણ્યા ઇસમો (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) દેવુબહેન પાસે આવી “૫૦૦ રૂપિયાની નોટ નહી ચાલે નોટોના નંબર ગલત છે” તેમ કહેતા દેવુબહેન નોટો બદલાવવા પરત ગયેલ અને કેશીયરે નોટો બરાબર છે તેમ જણાવતા દેવુબહેન પોતાના પૈસા થેલીમાં મૂકી ઘરે જઇ રૂપિયા ગણી જોતા રૂપિયા ૧,૯૬,૦૦૦/- માંથી રૂપિયા ૪૦,૦૦૦/- ઓછા નિકળ્યા હતા. જેની બે અજાણ્યા ઇસમોએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૬/૧૮**

**નવરંગપુરાઃ** લાલુરામ શંકરજી ડામોર (ઉ.વ.૨૭)(રહે, નોબલ ક્લાસીસની ઓફીસમા દિનેશહોલની ગલી, નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૯/૧૮ ના કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા લો-ગાર્ડન નળ વાળા સર્કલ થી સીવીક સેંટર તરફ જવાના રોડ ઉપર એક ટુ વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) લાલુરામને પરીમલ જવાનો રસ્તો પુછવાના બહાને નજીક આવી, લાલુરામને ચપ્પુ બતાવી ઇજા કરી, તેમના પેન્ટના ખીસ્સામાં મુકેલ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એમ.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૭/૧૮**

**ગુજરાત યુનિવર્સીટીઃ** કલાવતીબહેન વીડો/ઓ હરીન્દ્રભાઈ મહેતા (ઉ.વ.૭૫)(રહે,સત્યમ સ્કાયલાઈંડ, ટોરેંટ પાવર, સોલા ક્રોસ રોડ, નારણપુરા) તા.૦૩/૦૯/૧૮ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે મેમનગર હલ્મેટ ઓવરબ્રીજથી વાળીનાથ તરફ બ્રીજ ઉતરતા રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ કલાવતીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની ફરીયાદ કલાવતીબહેન મહેતાએ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.